# દુનિયાના દેશો અમેરિકાથી સોનું પાછું કેમ લાવી રહ્યા છે?

ડોનાલ્ડ ટ્રમ્પના શાસનકાળમાં એક મહાસત્તા તરીકે અમેરિકાના અંતનો આરંભ થઈ ચૂક્યો છે. તેની સૌથી મોટી નિશાની એ છે કે દાયકાઓથી દુનિયાના દેશોનું હજારો ટન સોનું અમેરિકામાં પડ્યું હતું, તે હવે પાછું મંગાવવામાં આવી રહ્યું છે, કારણ કે હવે અમેરિકા પરનો વિશ્વાસ ઘટી રહ્યો છે. વિશ્વભરમાં વધતી જતી રાજકીય અને આર્થિક અનિશ્ચિતતા વચ્ચે યુરોપિયન દેશો તેમના સોનાના ભંડારને સુરક્ષિત આશ્રયસ્થાનોની નજીક ખસેડી રહ્યા છે. અમેરિકા અને કેનેડામાં રાખવામાં આવેલું યુરોપના દેશોનું આશરે ૩૧૩ ટન સોનું લંડનમાં ટ્રાન્સફર કરવામાં આવ્યું છે. નેધરલેન્ડે પણ ઉત્તર અમેરિકાથી ૮૬ ટન સોનું મંગાવી લીધું છે. ભૂતકાળમાં અન્ય યુરોપિયન દેશોએ પણ આવાં જ પગલાં લીધાં છે. આ વર્ષની શરૂઆતમાં ફ્રાન્સે પણ ન્યૂયોર્કથી ૧૨૯ ટન સોનું યુરોપ મોકલ્યું હતું.



આ દરમિયાન જર્મનીની બુન્ડેસબેંકે વિદેશમાં રાખેલું ૨૧૬ ટનથી વધુ સોનું પાછું મંગાવ્યું છે. આમાં ન્યૂયોર્કથી આશરે ૧૧૧ ટન અને પેરિસથી ૧૦૫ ટન સોનાનો સમાવેશ થતો હતો. શીત યુદ્ધ દરમિયાન ઘણા યુરોપિયન દેશોએ જરૂરિયાતના સમયે સુરક્ષિત રહેવા માટે પોતાનું સોનું ન્યૂયોર્કમાં રાખ્યું હતું. હવે યુદ્ધ, તણાવ, ફુગાવો અને વ્યાજદરો અંગે વધતી અનિશ્ચિતતા વચ્ચે કેટલાક દેશો તેમના સોનાના અનામત જથ્થાને વિદેશોમાં રાખવા પર પુનર્વિચારણા કરી રહ્યા છે.

નોંધનીય છે કે ડચ સેન્ટ્રલ બેંક પાસે કુલ ૬૧૨.૪ ટન સોનું છે, જેનું કુલ મૂલ્ય ૨૦૨૫ના અંત સુધીમાં ૭૨.૨ બિલિયન યુરો હતું. અગાઉ DNBના કુલ સોનાના ૩૧.૩ ટકા ન્યૂયોર્કમાં અને ૧૯.૭ ટકા કેનેડામાં રાખવામાં આવ્યું હતું. માર્ચ અને ઓગસ્ટ વચ્ચે DNBએ આ બે સ્થળોએથી આશરે ૮૬ ટન સોનું લંડન ટ્રાન્સફર કર્યું હતું. આવી સ્થિતિમાં હવે ન્યૂયોર્ક અને ઓટાવા બંને પાસે DNBનું ૩૭ ટકા સોનું બાકી છે, જ્યારે લંડનમાં હવે મહત્તમ સોનું એટલે કે લગભગ ૩૨ ટકા છે. ઉત્તર અમેરિકાથી ડચ તિજોરીમાં ૨૭ ટન સોનું લાવવામાં આવ્યું હતું અને તેટલું જ સોનું લંડન પાછું મોકલવામાં આવ્યું હતું. બાકીનું ૫૯ ટન સોનું ન્યૂયોર્કમાં વેચવામાં આવ્યું હતું અને લંડનમાં ખરીદવામાં આવ્યું હતું.

ડી નેડરલેન્ડશે બેંકના જણાવ્યા અનુસાર, માર્ચ અને ઓગસ્ટ ૨૦૨૬ વચ્ચે અમેરિકા અને કેનેડાથી પાછું લાવવામાં આવેલું સોનું લંડનની બેંક ઓફ ઈંગ્લેન્ડની તિજોરીઓમાં સંગ્રહિત કરવામાં આવશે, જે સોનાના વેપારનું એક મુખ્ય કેન્દ્ર છે. કટોકટીના સમયમાં અહીં સોનું સરળતાથી ખરીદી અને વેચી શકાય છે. બેંક ઓફ ઈંગ્લેન્ડ વિશ્વના સૌથી મોટા સોનાના ભંડાર રાખનારાઓમાંની એક બેંક છે. મધ્ય લંડનમાં આવેલી આ લગભગ ૩૦૦ વર્ષ જૂની બેંક પાસે તેની તિજોરીઓમાં આશરે ૪,૦૦,૦૦૦ સોનાના બાર હોવાનો અંદાજ છે, જેની કિંમત ૨૦૦ અબજ પાઉન્ડથી વધુ છે.

**યુદ્ધ, તણાવ, ફુગાવો અને વ્યાજદરો અંગે વધતી અનિશ્ચિતતા વચ્ચે કેટલાક દેશો તેમના સોનાના અનામત જથ્થાને વિદેશોમાં રાખવા પર પુનર્વિચારણા કરી રહ્યા છે**

**ટાઈમ લાઈન**
**સંજય વોરા**

છેલ્લાં ચાર વર્ષોમાં વિશ્વભરની કેન્દ્રીય બેંકોએ દર વર્ષે સરેરાશ ૧,૦૦૦ ટન સોનું ખરીદ્યું છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ અનુસાર, આ ખરીદી પાછલાં દસ વર્ષની સરેરાશ કરતાં લગભગ ૫૦૦ ટન વધુ છે. ભારત અને ચીન જેવા દેશોની સેન્ટ્રલ બેંકો પોતાના ડોલરના ભંડારો ખાલી કરી રહી છે અને સોનું ખરીદી રહી છે. કેન્દ્રીય બેંકો હૂંડિયામણના ભંડારમાં સોનાની ભૂમિકા પર ભાર મૂકી રહી છે.

ભારતના તાજેતરના સરકારી આંકડા એક અલગ પેટર્ન દર્શાવે છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ના વાર્ષિક અહેવાલ મુજબ, ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં RBI પાસે ૮૮૦.૫૨ ટન સોનું હતું. આ કુલ સોનામાંથી ૩૧૨.૩૨ ટન સોનું ભારતમાં જારી કરાયેલી નોટો માટે બેકઅપ તરીકે રાખવામાં આવ્યું હતું. વધુમાં ૩૬૭.૭૩ ટન સોનું ભારતમાં RBIના બેંકિંગ વિભાગની સંપત્તિ તરીકે રાખવામાં આવ્યું હતું. માર્ચ ૨૦૨૫ સુધીમાં ભારતમાં ૫૧૧.૯૮ ટન અને વિદેશમાં ૩૬૭.૬૦ ટન સોનું રાખવામાં આવ્યું હતું. RBIના ડેટા દર્શાવે છે કે એક વર્ષમાં સ્થાનિક હોલ્ડિંગમાં લગભગ ૧૬૮ ટનનો વધારો થયો છે. બીજા શબ્દોમાં, ભારતે ૧૬૮ ટન સોનું વિદેશથી પાછું મંગાવી લીધું છે. ભારત માટેના ડેટા દર્શાવે છે કે તેના સોનાનો નોંધપાત્ર ભાગ હવે સ્થાનિક સ્તરે રાખવામાં આવ્યો છે.

જર્મની, ઈટાલી અને ફ્રાન્સ જેવા યુરોપિયન દેશો તેમના સોનાનો મોટો ભાગ અમેરિકામાં ફેડરલ રિઝર્વ બેંક ઓફ ન્યૂયોર્ક અથવા બેંક ઓફ ઈંગ્લેન્ડમાં સંગ્રહિત કરે છે. ઈટાલી પર પણ અમેરિકામાં રહેલી સંપત્તિઓ પર પુનર્વિચાર કરવાનું દબાણ થઈ રહ્યું છે. ઈટાલી પાસે ૨,૪૫૨ ટન સોનું છે અને તેમાંથી ૪૩ ટકાથી વધુ સોનું અમેરિકામાં સંગ્રહિત છે. જોકે અમેરિકા કે લંડનમાં EU દેશોનું કેટલું સોનું રાખવામાં આવ્યું છે તે જાહેર જનતાને ખબર નથી. જર્મનીનું લગભગ અડધું સોનું ફેડરલ રિઝર્વ બેંક ઓફ ન્યૂયોર્કની ૮૦ ફૂટ ઊંડી તિજોરીમાં છે, જે મેનહટનના ખડકો નીચે સ્થિત છે.

ન્યૂયોર્ક અને લંડન વિશ્વનાં બે મુખ્ય સોનાનાં કેન્દ્રો છે. ભૂ-રાજકીય કટોકટી આ પરિસ્થિતિને બદલી શકે છે. ૨૦૨૨માં રશિયાના યુક્રેન પર મોટા પાયે આક્રમણ બાદ પશ્ચિમી દેશો દ્વારા રશિયન સેન્ટ્રલ બેંકની સંપત્તિઓ સ્થગિત કરવામાં આવી હતી. બાદમાં, EU અને G7 દેશો એ બાબતમાં સંમત થયા કે રશિયાની સ્થગિત સંપત્તિઓમાંથી મળેલા નફાનો ઉપયોગ યુક્રેન માટે ૫૦ અબજ ડોલરના પેકેજને ભંડોળ પૂરું પાડવા માટે કરવામાં આવશે. આ ઘટનાક્રમે એક નવો દાખલો બેસાડ્યો કે વિદેશમાં રાખેલા સોનાના ભંડાર ભૂ-રાજકીય વિવાદોમાં ફસાઈ શકે છે. યુક્રેન યુદ્ધ અને મધ્ય પૂર્વ સંકટને ધ્યાનમાં રાખીને એવો ભય પેદા થયો છે કે ડોનાલ્ડ ટ્રમ્પ આ સોનાના ભંડારને જપ્ત કરી શકે છે અને તેનો અમુક ભાગ યુદ્ધોને કારણે થયેલાં નુકસાનની ભરપાઈ કરવા માટે વાપરી શકે છે.

# ભૂતપૂર્વ નાણા સચિવ સુભાષ ગર્ગનો મોદી સરકાર સાથે ખટરાગ કઇ રીતે સર્જાયો?

ભૂતપૂર્વ નાણાં સચિવ સુભાષચંદ્ર ગર્ગ સરકારના ૭.૮%ના જીડીપી વૃદ્ધિ દરના આંકડા સામે સવાલો ઉઠાવીને હાલ સમાચારમાં ચમકી રહ્યા છે. કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે તેમને બેરોજગાર તકવાદી કહીને વળતો પ્રહાર કર્યો હતો. જો કે, બહુ ઓછા લોકો જાણે છે કે એક સમયે તેઓ સત્તાની પરસાળોમાં ખૂબ જ પ્રિય વ્યક્તિ હતા. રાજસ્થાન કેડરના ૧૯૮૩ની બેચના આઈએએસ અધિકારી, ગર્ગ ૨૦૧૪માં મોદી સરકાર આવ્યાના ટૂંક સમયમાં જ કેન્દ્ર સરકારમાં આવ્યા હતા. તેમને ટૂંક સમયમાં જ વર્લ્ડ બેંકમાં ભારતના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકેનું મહત્વનું પદ સોંપવામાં આવ્યું હતું. વોશિંગ્ટનમાં ત્રણ વર્ષ વિતાવ્યા બાદ, તેઓ નાણા મંત્રાલયના આર્થિક બાબતોના વિભાગમાં સચિવ તરીકે પરત ફર્યા. તેમણે માર્ચ ૨૦૧૯માં નાણાં સચિવ તરીકે નિમણૂક મેળવી તે પહેલાં લગભગ બે વર્ષ સુધી આ પદ સંભાળ્યું હતું. મે ૨૦૧૯માં નિર્મલા સીતારમણને નાણાં મંત્રી બનાવવામાં આવ્યા લગભગ ત્યારથી જ સરકાર સાથે તેમના મતભેદો શરૂ થયા હતા. જાહેર રીતે, નીતિ વિષયક મુદ્દાઓ પર તેમની વચ્ચે ગંભીર મતભેદો હતા. તેમની વચ્ચે વ્યક્તિગત મતભેદો પણ હતા, જેમાં ગર્ગે નિર્મલા સીતારમણની સરખામણી તેમના પુરોગામી દિવંગત અરુણ જેટલી સાથે નકારાત્મક રીતે કરી હતી. ગર્ગ અને જેટલી વચ્ચે સારો તાલમેલ હતો અને ગર્ગને નાણાં સચિવ તરીકે લાવવા પાછળ જેટલીનો જ હાથ હતો. ગર્ગ અને સીતારમણ વચ્ચે જે મુખ્ય મુદ્દાઓ પર મતભેદ હતા તેમાંનો એક રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના વધારાના ડિવિડન્ડને સરકારી તિજોરીમાં ટ્રાન્સફર કરવાનો પ્રસ્તાવ હતો. છેવટે, પૂર્વ આરબીઆઈ ગવર્નર બિમલ જાલાનની અધ્યક્ષતાવાળી નિષ્ણાત સમિતિએ આ પ્રસ્તાવને મંજૂરી આપી હતી. જો કે, સીતારમણ ગર્ગથી એટલા નારાજ હતા કે તેમણે નાણાં મંત્રી તરીકેનો પદભાર સંભાળ્યાના એક મહિનાની અંદર જ તેમની બદલી કરાવવા માટે દબાણ કર્યું હતું. તેઓ એ લડાઈ જીતી ગયા અને જુલાઈ ૨૦૧૯ સુધીમાં, ગર્ગની નાણાં મંત્રાલયમાંથી ઊર્જા મંત્રાલયમાં સચિવ તરીકે બદલી કરવામાં આવી. તેના બીજા જ દિવસે તેમણે સ્વૈચ્છિક નિવૃત્તિ માટે અરજી કરી દીધી. નવેમ્બર ૨૦૨૦માં, તેમણે એક બ્લોગ લખ્યો કે તેમણે સ્વૈચ્છિક નિવૃત્તિ એટલા માટે માંગી હતી કારણ કે સરકારનો સુધારાનો એજન્ડા હાથમાંથી સરી રહ્યો હતો. તેમણે એવો પણ ખુલાસો કર્યો હતો કે નાણાં મંત્રી નિર્મલા સીતારમણ સાથે તેમના સંબંધો સારા નહોતા. ૨૦૨૩માં પ્રકાશિત થયેલા તેમના પુસ્તક 'વી ઓલસો મેક પોલિસી'માં વધુ વિસ્ફોટક ખુલાસાઓ કરવામાં આવ્યા છે. તાજેતરમાં જાહેર કરાયેલા જીડીપી વૃદ્ધિના આંકડા અંગે ગર્ગની ટીકા પર અર્થશાસ્ત્રીઓ વહેંચાયેલા છે. જો કે, એક પૂર્વ નાણાં સચિવ અને તે પહેલાં આર્થિક બાબતોના સચિવ રહી ચૂકેલા વ્યક્તિ તરીકે, જીડીપીના આંકડાઓની ગણતરી કરતી વખતે પડદા પાછળ શું ચાલે છે તે તેઓ ચોક્કસપણે જાણતા જ હશે. તેથી કદાચ તેમના પર કાદવ ઉછાળો કરવાને બદલે, ગર્ગની ટીકા પર વધુ ગંભીરતાથી ચર્ચા થવી જોઈએ.



**ઈધર-ઉધરકી**
**આરતી જેરથ**

## રામ મંદિરમાં થયેલી બે નિમણૂકોથી સંઘ વર્તુળોમાં આશ્ચર્ય



રામ મંદિર ટ્રસ્ટમાં થયેલી બે નિમણૂકોથી સંઘ પરિવારમાં આશ્ચર્યનું મોજું ફરી વળ્યું છે, જે મંદિર પર પોતાનો માલિકી હક ગણે છે. એક નિમણૂક નવા સીઈઓ તરીકે નિવૃત્ત એર માર્શલ જીતેન્દ્ર મિશ્રાની છે, જેમણે 'ઓપરેશન સિંદૂર' દરમિયાન વેસ્ટર્ન એર કમાન્ડનું નેતૃત્વ કર્યું હતું. બીજો ફેરફાર પૂર્વ ખજાનચી સ્વામી ગોવિંદ દેવ ગિરીનો છે, જેમને વીએચપી નેતા ચંપત રાયની જગ્યાએ જનરલ સેક્રેટરી બનાવવામાં આવ્યા છે. સીઈઓ તરીકેના પોતાના પહેલા જ દિવસે, મિશ્રાની પત્રકારો સાથે બોલાચાલી થઈ ગઈ હતી જેઓ તેમની પ્રતિક્રિયા મેળવવા માંગતા હતા. મિશ્રાએ પત્રકારોને ચેતવણી આપી હતી કે તેમણે તેમને ઓળખી લીધા છે અને હવે તેઓ તેમને મંદિરના પરિસરમાં ફરી પ્રવેશવા દેશે નહીં. સ્વામી ગોવિંદ દેવ ગિરી અત્યારે પ્રકાશમાં આવ્યા વિના ચૂપચાપ કામ કરી રહ્યા છે, પરંતુ સંઘ વર્તુળોમાં ચંપત રાયના સમર્થકો તેમની નિમણૂકથી નારાજ છે અને તેમની પ્રવૃત્તિઓ પર ઝીણવટભરી નજર રાખવાની યોજના બનાવી રહ્યા છે. રસપ્રદ વાત એ છે કે, સ્વામી પુણેના વતની છે અને તેમને આરએસએસના મહારાષ્ટ્રીયન બ્રાહ્મણ જૂથના નજીકના માનવામાં આવે છે. શું આ બે નવા નિમણૂક પામેલા અધિકારીઓ મંદિર અને દાન ચોરીના કૌભાંડ સંબંધિત ચાલી રહેલા વિવાદોને ડામવામાં સફળ જશે?



## 'આપ' છોડ્યા પછી રાઘવ ચઢ્ઢાની કફોડી હાલત

બિચારા રાઘવ ચઢ્ઢા. આમ આદમી પાર્ટી છોડીને ભાજપમાં જોડાયા પછી તેમનું રાજકીય ભવિષ્ય ખાડામાં ગયું હોય તેવું લાગે છે. પોતાની ઉત્કૃષ્ટ વાકછટાને કારણે મીડિયા અને 'જેન ઝી'ના વહાલા રહેલા ચઢ્ઢા કદ અને સ્થાનમાં ભારે ઘટાડો થયો છે. પક્ષ બદલ્યા પછી તેમણે સોશિયલ મીડિયા પર પોતાના અડધા ફોલોઅર્સ ગુમાવ્યા એટલું જ નહીં, પણ ભાજપે પોતાની નવી ટીમમાં યુવા પેઢી (Gen-Z) સુધી પહોંચવા માટેના પ્રચાર કાર્યોમાં પણ તેમની સેવાઓ લીધી નથી. આ કેટલું દુ:ખદ છે!

# એક જ વાત કહીશ કે જવાબદાર બનો, કામ પ્રત્યે અને પોતાના પ્રત્યે

પીટરના ગજવામાં મોબાઈલ રણક્યો. પંચાતિયા અને જાસૂસ તરીકે ઓળખાતા આ ૩૫ વર્ષના કુંવારાએ છ ફૂટની હાઈટને તસ્દી આપતા પહેલાં પાતળા શ્યામવર્ણા દેહને પથારીમાં ફેરવ્યો, ઊંડી ઊતરી ગયેલી આંખ ચોળી, ખરબચડા વાળ ખેંચ્યા અને આડેધડ ઊગેલા દાઢી-મૂછ પર હાથ ફેરવ્યા બાદ કંટાળા સાથે ફોન રિસીવ કર્યો.

'હલ્લો... હા... ભલે રાઠોડ સાહેબ.'

દાઢી-મૂછ પર આંગળા ફેરવતા તે વિચારે ચડી ગયો. પછી મોબાઈલના વોટ્સએપમાં જઈને 'આહવાની હવા'ની યુવા રિપોર્ટર સોનલી ભીલને વોઈસ મેસેજ મોકલ્યો, 'આજે ચાર ગળણે ગળીને પાણી પીવાનું રાખજે. બેના, જરાય નો હમજાય તો મુને ફોન કર.'

■■■

નેશનલ ટીવી ચેનલ 'કબ તક' ફરી તોફાને ચડી. પોતાના બ્રેકિંગ ન્યૂઝ 'ગુજરાત કે આહવા પે આતંક કા સાયા' બદલ પોતાની જ આપવડાઈ મારતા નવું બ્રેકિંગ ન્યૂઝની સિક્વલ ઝીંકી દીધી: 'ગુજરાત એટીએસ નારાજ- કર્મવીર શાહ ગુસ્સાભેર ચાર ટેરરિસ્ટ સાથે ગાંધીનગર રવાના'. સાથે આહવા સ્થિત પોલીસ હેડક્વાર્ટરમાંથી કાળું કપડું ઢાંકેલા ચાર શખ્સને ગાડીમાં લઈને જતો વીડિયો પણ પ્રસારિત કર્યો. હકીકતમાં ડાંગના અઘોષિત સુપરસ્ટાર વિનોદ રિપોર્ટરે જ આ માહિતી આપી હતી. એ છૂપી રીતે ઘણી નાની-મોટી ચેનલો માટે ફ્રી-લાન્સિંગ કરતો હતો. કાળું કપડું ઢાંકેલા ચાર શખ્સના વીડિયો પરથી ફોટા ગ્રેબ કરીને વિનોદ રિપોર્ટરે આ મતલબનો અહેવાલ પોતાના અમદાવાદના અખબારને પણ મોકલી આપ્યો. એના એક કલાક પછી સોનલી ભીલે 'આહવાની હવા'ની ઓફિસમાં જે રિપોર્ટ આપ્યો એને ન્યૂઝ એડિટર આશ્ચર્યથી જોઈ જ રહ્યા.

**ક્રાઈમ કોડ**
**પ્રફુલ શાહ**

■■■

એકદમ હતાશ, ઉદાસ, થાકેલા અને ઉજાગરાથી લાલચોળ આંખ સાથે સેબાસ્ટીયન ગોન્સાલ્વિસ ઉર્ફે સબા કદમ ચિંચલી પોલીસ સ્ટેશન ભણી જાણે પરાણે ઢસડાતો હતો. એ રોષભેર ઈમ્પોર્ટેડ સિગારેટના લાંબા કશ ખેંચી રહ્યો હતો. એની સાથે ચાલતો દોસ્ત અને બાંધકામ કોન્ટ્રાક્ટર રાજુ જાણે રસ વગર ઢસડાતો હતો. એ શર્ટની ડાબી બાજુના ખિસ્સામાં મૂકેલો મોબાઈલ ફોન વારંવાર બરાબર કરતો હતો.

એમને આવતો જોઈને આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર કાવ્યા રાણાએ ઉતાવળે હવાલદારને બોલાવીને ઈરાદાપૂર્વક હોઠ સહેજ એના કાનને અડે એમ કંઈક કીધું.

હવાલદારનું દિલ બાગબાગ થઈ ગયું. એ હળવેકથી કેબિનનો દરવાજો બંધ કરીને બહાર આવ્યો. સબા આવતાવેંત ઉકળીને બરાડ્યો, 'મારે હમણાંને હમણાં ઈન્ચાર્જ ઈન્સ્પેક્ટર નિરવ ત્રિવેદી સરને મળવું જ છે...'

'પણ સાહેબ તો નથી...'

'હજી નથી! એ આવે છે ક્યારે?'

'ઓલા ડાંગ દરબારના ટેન્શનમાં છે.'

'પણ દરબાર તો પત્યો... ને ઓલા મેડમ તો છે ને?' જાણે પોતે મીર માર્યો હોય એમ હવાલદાર બોલ્યો, 'મેડમ, તમારા કેસ માટે જ ગયા છે ક્યાંક. કે'તાતા કાંઈક મોટું હાથ લાગ્યું છે...' 'ખરેખર?' 'હા. આવે એટલે ફોન કરું તમને...'

સબા વિચારે ચડી ગયો. 'હે... આયેશા... મારી આયેશાની ભાળ મળી?' એનો હાથ આપોઆપ દાઢી ખંજવાળવા લાગ્યો. ન જાણે કેમ રાજુ વારેવારે હવાલદાર સામે ઊભો રહી જતો હતો.

■■■

બીજા દિવસે સવારે ગુજરાતના આગેવાન અખબારના પહેલા પાને વિનોદ રિપોર્ટરની બાયલાઈન સાથે 'ક્રોધિત કર્મવીર શાહ ગુસ્સાભેર ચાર ટેરરિસ્ટને સાથે ગાંધીનગર લઈ ગયા'ની પહેલા પાને ઘોષણા કરી નાખી. બીજા છાપાએ પણ એવો જ રાગ આલાપ્યો. હા, સોનલી ભીલનો 'આહવાની હવા'માં રિપોર્ટ આવ્યો કે ગુજરાત એટીએસના વડા કર્મવીર શાહ અને પોલીસ સુપ્રિટેન્ડન્ટ સુરેન્દ્ર પુષ્કર્ણા વચ્ચે નાગલીના ખાખરાના નાસ્તા વચ્ચે ઉડતી ખિસકોલી વિશે ચર્ચા સાથે ડાંગના ઓરિજિનલ મધની મહેમાનને મીઠી ભેટ અપાઈ. વચ્ચે ડબલના બોક્સમાં હાઈલાઈટ કરાયું કે કર્મવીર શાહે આતંકવાદ કેસના ચારેય આરોપીને ગાંધીનગર સલામત મોકલવાની જવાબદારી સોંપી છે. વિરોધાભાસી અહેવાલોથી પત્રકાર આલમ પોલીસ મુખ્યાલય દોડી ગઈ તો સૌને એક જ જવાબ અપાયો: 'સાંજે 5 વાગે એસપી સાહેબ સૌને જવાબ આપશે.'



**પોલીસ હેડક્વાર્ટર પાસે મોટી ગાડી ઊભી રહી એ જ સમયે ઈન્સ્પેક્ટર નિરવ ત્રિવેદી માથા પર કાળું કપડું ઓઢાડેલા ચાર જણને લઈને આવે છે અને ગાડીની અંદર બેસી જાય છે અને ગાડી રવાના થાય છે**

■■■

ચારેક દિવસ પછી ચિંચલી પોલીસ સ્ટેશનમાં આવેલા ઈન્ચાર્જ ઈન્સ્પેક્ટર નિરવ ત્રિવેદી વિચારોમાં ગરકાવ હતા કે એલ.સી.બી.ના ઈન્સ્પેક્ટર જયદીપ રાઠોડે અચાનક રજા કેમ લીધી હશે? આવા કટોકટીના સમયે તો એ બમણા જોશ સાથે ફરજ બજાવે.

ત્રિવેદીએ રાઠોડને ફોન લગાવ્યો તો બેલ વાગતી રહી. ત્યાં જ આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર કાવ્યા રાણા અને એના માનીતા હવાલદારે અંદર આવીને 'જય હિન્દ સર' સાથે સલામ મારી. અભિવાદન ઝીલવા સાથે ત્રિવેદીએ પૂછ્યું, 'થાણામાં બધું બરાબર છે ને?' નિરવ ત્રિવેદીની ઉજાગરાથી લાલ થયેલી આંખો સામે જોતા અને એના કારણો વિશે અટકળ બાંધતા કાવ્યા રાણા અભિમાનપૂર્વક બોલી, 'યસ સર, હું થાણામાં હોઉં એટલે બરાબર નહીં, બેસ્ટ જ હોય.'

હવાલદારે ય એની વાતમાં સૂર પુરાવ્યો.

એ જ સમયે કાવ્યા રાણાના ગજવામાં ત્રીજીવાર ફોન વાઈબ્રેટ થયો. તો અચાનક ઘડિયાળમાં જોઈને કંઈક યાદ આવતા ત્રિવેદી ઉતાવળે પગલે બહાર દોડી ગયા.

દૂરથી કોઈ મોબાઈલ ફોનથી ત્રિવેદીની હિલચાલનું વીડિયો રેકોર્ડિંગ કરી રહ્યું હતું.

■■■

સાંજે 5 વાગે એસપી સુરેન્દ્ર પુષ્કર્ણા પ્રેસ કૉન્ફરન્સ માટે પહોંચ્યા ત્યારે રૂમ એકદમ હકડેઠઠ જામ. પુષ્કર્ણાએ સ્મિત સાથે બધાની સામે જોયું ને માઈક હાથમાં લઈને શરૂઆત કરી,

'ગુડ ઈવનિંગ ફ્રેન્ડ્સ. છેલ્લા થોડા દિવસો કસોટીભર્યા, ખૂબ દોડધામ કરાવનારા હતા. આવા સમયે સાથ આપનારા બધા પત્રકાર મિત્રોનો આભાર. આ સમયે એટલું જરૂર કહીશ કે અમુક મિત્રોએ ખૂબ જ ગંભીરતા, નિષ્ઠા અને વિવેકબુદ્ધિ સાથે ફરજ નિભાવી.

**અતા-પતા-લાપતા -19**

પણ કેટલાક એમાં કાચા પડ્યા. હું એમ નથી કહેતો કે પોલીસની ટીકા ન કરાય, નબળી બાજુ ન લખાય કે ભૂલ ન શોધાય. મારી, અમારી ભૂલ હોય તો ચોક્કસ કાન આમળો, પણ ઘણીવાર ઉતાવળ અને હુસાતુસીથી દેશને, રાજ્યને કે પ્રદેશને નુકસાન થાય. પ્રજાને તકલીફ થાય. મુંબઈમાં 26/11ના આતંકવાદી હુમલા વચ્ચે આપણી કેટલીક ચેનલો લાઈવ ટેલિકાસ્ટ બતાવતી હતી, જેનાથી પાકિસ્તાનમાં બેઠેલા હુમલાખોરોના આકાઓને આપણા જવાનો અને પોલીસોની હિલચાલની ખબર પડતી હતી. આની કિંમત નિર્દોષ જનતાએ ચૂકવવી પડી. એ માટે વાંક કોનો? બ્રેકિંગ ન્યૂઝનું આવું પાગલપન શા માટે?' માથું એકદમ નીચું નમાવીને અવાજ થોડો બદલીને વિનોદ રિપોર્ટર બોલ્યો, 'મુદ્દા પર આવો, મુદ્દા પર.' 'સાચી વાત વિનોદભાઈ. પ્લીઝ, સ્ટાર્ટ વીડિયો.' બધાએ હસવા સાથે સ્ક્રીન તરફ મીટ માંડી.

વીડિયોમાં એ જ દિલસના વાર અને તારીખ સાથે સવારના 3:30નો સમય દેખાતો હતો. પોલીસ હેડક્વાર્ટર પાસે મોટી ગાડી ઊભી રહી એ જ સમયે ઈન્સ્પેક્ટર નિરવ ત્રિવેદી માથા પર કાળું કપડું ઓઢાડેલા ચાર જણને લઈને આવે છે અને ગાડીની અંદર બેસી જાય છે અને ગાડી રવાના થાય છે. થોડો સમય વીડિયો અટક્યો એટલે ગણગણાટ થવા લાગ્યો.

પુષ્કર્ણાએ બધાને શાંત પાડ્યા. 'નેક્સ્ટ વીડિયો, પ્લીઝ.' વીડિયો આગળ વધ્યો. એમાં ગુજરાત એટીએસના વડા કર્મવીર શાહ દેખાયા, 'બધા મહેમાનો હેમખેમ પહોંચી ગયા છે. થેન્ક યુ ડાંગ પોલીસ. થોડો ઉતાવળમાં છું, નહિતર હું કેવી રીતે ગુસ્સે થયો એ બતાવ્યું હોત. અને પુષ્કર્ણાભાઈ, એક મૂંઝવણ છે કે આપની પોલીસની કાર્યક્ષમતાના વખાણ કરું, તમારા આતિથ્યના વખાણ કરું કે મધની ભેટના વખાણ કરું. થેન્ક યુ અગેઈન, ડાંગ પોલીસ ઍન્ડ કૉન્ગ્રેચ્યુલેશન્સ ફોર વન્ડરફુલ જોબ.'

વીડિયો બંધ થયો ને પુષ્કર્ણાએ બધા પર નજર ફેરવી. એક રિપોર્ટરે સવાલ કર્યો, 'પણ મેં તો થોડા સમય અગાઉ ઈન્સ્પેક્ટર નિરવ ત્રિવેદીને ચિંચલી પોલીસ સ્ટેશન તરફ જતા જોયા. એનું શું? તેઓ ગાંધીનગરથી જ ચાર્ટર્ડ ફ્લાઈટમાં પાછા આવ્યા?'

પાછળથી અવાજ આવ્યો, 'યુ આર રાઈટ. હું અહીં જ છું.'

પુષ્કર્ણાએ ટાપસી પુરાવી, 'હા, આપણા જિલ્લાની સરહદ સુધી બધાને સલામત રીતે પહોંચાડીને ઈન્સ્પેક્ટર ત્રિવેદી પાછા આવ્યા ને એટીએસના કમાન્ડો આગળ વધ્યા.'

કોઈ પ્રતિભાવ ન આવ્યો. પુષ્કર્ણા ખડખડાટ હસ્યા, 'લોકોને સત્ય જાણવું છે પણ માનવું નથી. એક જ વાત કહીશ કે જવાબદાર બનો, કામ પ્રત્યે અને પોતાના પ્રત્યે.' એ જ સમયે ઈન્સ્પેક્ટર નિરવ ત્રિવેદીના ફોનની બેલ વાગી.

'હલ્લો... વ્હોટ?... હમણાં જ નીકળ્યો હું.'

(ક્રમશ:)